ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આજે ભગવાન જગન્નાથજી દિવ્ય રથમાં નગરચર્યાએ નિકળશે

**જય..રણછોડ.. ચોર.. માખણચોર.. ના જયઘોષથી સેકટરોની શેરીઓ ગુંજી ઉઠશે : સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરેથી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા પ્રસ્થાન કરશેઃ કોરોના કાળમાં બે વર્ષના અંતે રથયાત્રાના ભવ્ય સ્વાગત માટે ભાવિકોમાં ભારે ઉત્સાહ : કલાત્મક બગી, ૫૦ થી વધુ વાહનો તેમજ ભજન મંડળી સહીત વિવિધ ટેબ્લો અને વેશભુષામાં સજ્જ બાળકો તેમજ અખાડાના કરતબો આકર્ષણનુ કેન્દ્ર બનશે : સેકટરોમાં ઠેર ઠેર રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરાશે : રથયાત્રાના રૂટમાં નજીવો ફેરફાર**

## ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો સંપૂર્ણ રૂટ

શહેરના સે.૨૨ ખાતેના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિરેથી સવારે ૭ કલાકે રથયાત્રા પ્રસ્થાન કરશે જે સે.૨૨ના શોપિંગ સેન્ટર અને શ્રી વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર થઈને ૧૭/૨૨ના માર્ગેથી સે.૧૭માં પ્રવેશી ૭.૩૦ કલાકે શ્રી હનુમાનજી મંદિર પહોંચશે. અહીંથી સે.૧૬માં વાયા નાગરીક બેંક, શોપિંગ સેન્ટર, શ્રી બાલાજી મંદિર, બ્રહ્મભવન ૮ કલાકે પંહોચશે. આ પછી યુથ હોસ્ટેલથી ગ-૪ તરફના પરંપરાગત રૂટને બદલે અંડરપાસનું નિર્માણ કાર્ય ચાલુ હોવાથી રથયાત્રા સરકારી કોલેજથી સે.૧૫માં ફતેપુરા અને સાઈ સંકુલ વચ્ચેના માર્ગે મહાત્મા મંદિર તરફ જશે અને ત્યાંથી સે.૧૩માં શોપિંગ સેન્ટર થઈને ૯ કલાકે શ્રી લીમ્બચ માતાના મંદિરે પહોંચશે. આ પછી સે.૧૨માં શોપિંગ સેન્ટરથી શ્રી ઉમિયા ધામ, બલરામ મંદિર, વિશ્વકર્મા મંદિર નજીકના ચાર રસ્તા થઈને સે.૬માં શ્રી ભુવનેશ્વર મહાદેવથી માત્ર રથ સંતશ્રી રોહીદાસ મંદિરે જઈ આવશે પછી સમગ્ર યાત્રા ૬/૩ થઈને ૭/૨ તરફ આગળ વધશે જ્યાંથી ૧૦.૩૦ કલાકે સેકટર-૮ શોપિંગ સેન્ટર, એરફોર્સ, પોલીસ ભવન, નવા સચિવાલય થઈને સે.૧૯માં પુલ પર જ કચેરી અને ઘ-ટાઈપના મકાન થઈને વાયા ચિલ્ડ્રન યુનિવર્સિટી થઈને અક્ષરધામ ખાતે ૧૧.૪૫ કલાકે પહોંચશે. અક્ષરધામથી સેક્ટર-૩૦ ચાર રસ્તા, શ્રી ગુરૂદ્વારા, સે.૩૦ શોપિંગ સેન્ટર થઈને સે.૨૯માં ૧૩.૩૦ કલાકે શ્રી જલારામ મંદિરે વિસામો કરશે. બપોરના વિસામા બાદ ૧૫ કલાકે ફરી રથયાત્રા પ્રયાણ કરશે જે સે.૨૮માં શ્રી દત્ત મંદિર, બાલોદ્યાન, શ્રી વરીયા પ્રજાપતિ સમાજ મિલન મંદિર થઈને સે.૨૭માં શ્રી સોમેશ્વર મહાદેવ, એસઆરપી, શ્રી શિવશક્તિ મંદિર, ૨૪/૨૭ સાંઈબાબા ચોકથી સે.૨૪માં સહકાર કોલોની, સે.૨૪/૨૫ આદર્શનગર શોપિંગ સેન્ટર થઈને શ્રી આર્ય સમાજ મંદિરે ૧૬.૫૫ કલાકે પંહોચશે ત્યારબાદ ભારતનગર, ઈન્દિરાનગર, પાઠ્યપુસ્તક મંડળ થઈને સે.૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર, શોપીંગ સેન્ટર થઈને સે.૨૨માં આયુર્વેદિક હોસ્પિટલ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ પંહોચશે. અંહીથી યાત્રા પંચદેવ મંદિર તરફ જશે જ્યારે માત્ર રથ ૨૨/૨૯, ચ-૬ થઈને શ્રી વૈજનાથ મહાદેવ થઈને સે.૨૧માં જિલ્લા પુસ્તકાલય શાકમાર્કેટ શ્રી અંબાજી મંદિર થઈને નિજ મંદિરે ૧૯.૩૦ કલાકે પરત ફરશે.



ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં કોરોના કાળમાં બે વર્ષથી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનુ પ્રતિકાત્મક આયોજન કરવામાં આવ્યુ હતુ જયારે બે વર્ષના અંતે આજે ભગવાનની ભવ્ય રથયાત્રા આજે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતેથી સવારે ૭ કલાકે પ્રસ્થાન કરશે. મંદિર પરિસરમાં દિવ્ય રથમાં સવાર ભગવાન જગન્નાથજીની ભવ્ય આરતી બાદ રથયાત્રા નિયત રૂટમાં પ્રસ્થાન કરશે રથયાત્રામાં બે કલાત્મક બગી સાથે જુદી જુદી સંસ્થાના ટેબ્લો, સામાજિક , સ્વૈચ્છિક સંસ્થાઓ , ભજન મંડળી તેમજ ડી જે ની સુરાવલી સાથે ૫૦ થી વધુ વાહનો જોડાશે રથયાત્રામાં રામ અને હનુમાન સહિત વિવિધ પાત્રોની વેશભુષામાં સજ્જ બાળકો અને અખાડા પણ આકર્ષણનુ કેન્દ્ર બનશે. બપોરે ૧ : ૩૦ કલાકે ભગવાનના મોસાળામાં ભાવિકોને મહાપ્રસાદ પિરસવામાં આવશે.

ગાંધીનગરમાં વર્ષ ૧૯૮૫ થી સે-૨૨ પંચદેવ યુવક મંડળ તેમજ અધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ રથયાત્રાનુ આયોજન કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી કોરોના કાળમાં ભગવાનની રથયાત્રાનુ ભવ્ય આયોજન શક્ય બન્યુ ન હોવાથી પ્રતિકાત્મક રથયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જયારે આ વર્ષે લાંબા સમયના અંતે રથયાત્રા શહેરના વિવિધ સેકટરોમાંથી પસાર થવાની હોવાથી ભાવિકોમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રથયાત્રા સમિતિ દ્વારા પણ રથયાત્રા મહોત્સવને અનુલક્ષી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જે અન્વયે અષાઢી બીજે તા ૧ જુલાઈના રોજ સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે ભગવાન જગન્નાથજીની ભવ્ય આરતી બાદ દિવ્ય રથનુ પ્રસ્થાન કરવામાં આવશે. સે-૨૨ પંચદેવ મંદિરથી ભગવાનની રથયાત્રા પ્રયાણ કરશે. જયાંથી દરવર્ષના નિયત રૂટ મુજબ આગળ વધશે. પંચદેવ મંદિરથી સેકટર-૨૨ ના શોપિંગ સેન્ટર થઈને સે-૧૭ :૨૨ ના રૂટમાં આગળ વધશે. ત્યારબાદ સે-૧૭ હનુમાન મંદિર અને ત્યાંથી સે-૧૬ બાલાજી મંદિર અને બ્રહ્મભવનના રૂટમાં આગળ વધશે. જયારે બ્રહ્મભવનથી આગળ રૂટમાં નજીવો ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં આગળ ફતેપુરા થઈને સે-૧૩ લીંબચ મંદિર તરફ આગળ વધશે. ગ માર્ગ પર અન્ડરપાસનુ કામ ચાલી રહ્યુ હોવાના લીધે આ ઠેકાણે રૂટમાં ફેરફાર કરાયો છે. ભગવાનના રૂટમાં પણ જરૂરી અભ્યાસ કરી દેવાયો છે. જયારે રૂટમાં આવતી અડચણો દુર કરવા તેમજ તે મુજબ રથયાત્રાનુ સંચાલન થાય તે અંગે પણ વિશેષ તકેદારી લેવાશે.

### રથયાત્રામાં હાથી જોવા નહીં મળે...

ભગવાન જગન્નાથજીની ૩૮ મી રથયાત્રાને અનુલક્ષી રથયાત્રા સમિતિ દ્વારા જરૂરી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જયારે ભગવાનના મોસાળામાં પણ મહાપ્રસાદ તૈયાર કરવામાં આવી રહ્યો છે. કોરોના કાળમાં બે વર્ષના અંતે રથયાત્રાનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે સેકટરવાસીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભાવિકો રથયાત્રાના સ્વાગત માટે ઉત્સુક છે. રથયાત્રામાં બે બગી સહીત , અખાડા અને વેશભુષામાં સજ્જ બાળકો સહીત ભજન મંડળી અને ડી જે સહીતના આકર્ષણો પણ જોવા મળશે. જો કે આ વર્ષે રથયાત્રામાં હાથી જોવા નહીં મળે અલબત્ત દરવર્ષે આબુથી ગાંધીનગર રથયાત્રામાં જોડાતો હાથી બિમાર હોવાના લીધે રથયાત્રામાં ગજરાજની કમી જોવા મળશે.

અનુસંધાન પાના નં. ૭ પર

## જગતના નાથને ગાંધીનગરાનો પત્ર

**પરમ પુજ્ય જગતના નાથ**

**સાષ્ટાંગ પ્રણામ**

જત જણાવવાનું કે ૨ વર્ષના અંતરાલ બાદ અમારા આંગણે પગલાં પાડી રહ્યા છો ત્યારે અંતરના ઉમળકાથી આપના ઓવારણા લઈએ છીએ. આપ તો જગતના નાથ છો એટલે આપ અમારા સુખ અને દુઃખથી વાકેફ છો. અમારી ગઈકાલ આજ અને આવતીકાલ આપની આંખોમાં છે..!! એટલે અમે તો માત્ર ‘‘હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કી’’ના જયઘોષથી અમારો ઉમળકો દર્શાવીએ છીએ. હે...! જગતના નાથ આપ અમારા શહેરની પરિક્રમાએ નીકળ્યા છો ત્યારે ઠેર-ઠેર ખોદાયેલાં ખાડાઓથી વિચલીત ના થશો..!! પાણીની-ગટરની પાઈપલાઈન માટે ખોદાયેલા ખાડા ‘એમ ને એમ’ જ રાખવાની અમને ટેવ પડી ગઈ છે..!

હે...! જગતના નાથ આપ અમારા શહેરની પરિક્રમાએ નીકળ્યા છો ત્યારે ઠેર-ઠેર ખોદાયેલાં ખાડાઓથી વિચલીત ના થશો..!! પાણીની-ગટરની પાઈપલાઈન માટે ખોદાયેલા ખાડા ‘એમ ને એમ’ જ રાખવાની અમને ટેવ પડી ગઈ છે..!

ઢાંકણા વિનાની ગટર કે રસ્તા પરનો ભુવો તમને નડે તો માફ કરશો..! આ તો અમારી રોજની કથા છે... અમારા છાપાં એનાં ઉપર તો નભે છે..!! અને હા..! ભગવાન લીલોતરી ઓછી દેખાય... કે ઝાડ પાન ઓછા દેખાય તો ગુસ્સો ના કરતાં...‘‘છોડમાં રણછોડ’’ તમને સારૂ લગાડવા બોલીએ છીએ..!! પણ રોડ પહોળાં કરવાં... પાઈપલાઈનો નાખવાં-ભવનો અને સંકુલો બાંધવા... સેંકડો વૃક્ષો તમારૂ નામ દઈને કાપી નાખીએ છીએ..!!

અને હવે તો... મેટ્રો તો બે-ત્રણ હજાર વૃક્ષો હા... ભગવાન... એક દઉં... ક્યાંક ખૂણે ખાંચરે કે અણીયારી નજર નાંખતા દેખાશે..! અનો અમારી ટીલી લાગશે..!!

‘‘છોડમાં રણછોડ’’ તમને સારૂ લગાડવા બોલીએ છીએ..!! પણ રોડ પહોળાં કરવાં... પાઈપલાઈનો નાખવાં-ભવનો અને સંકુલો બાંધવા... સેંકડો વૃક્ષો તમારૂ નામ દઈને કાપી નાખીએ છીએ..!!

આવે છે..!! એટલે એમાં કાપવા જ પડશે ને..?! અને બીજું પણ ધ્યાન દોરી ઝાડી-ઝાંખરામાં આપની નહીં... નહીં તો ત્યાં કચરો સ્માર્ટ સીટીના ભ્રમને કાળી

અનો... ભગવાન..! તમે તો મહાભારતના સ્થિતપ્રસ..! તમને અમારી રામાયણ ક્યાં કહેવા બેસીએ..?! અમે તો નોટીફાઈડમાંથી મહાનગરપાલિકા લાવ્યા પણ ઠેર ના ઠેર... ‘‘ઘરની દાઝી વનમાં ગઈ ને વનમાં લાગી આગ’’ જેવો ઘાટ થયો છે..!! સગવડો તો ઠીક ભગવાન અગવડો વધે નહીં... અને અમારૂ તો ઠીક ભગવાન પણ વરસના વચલા દિવસે તમે નીકળો ત્યારે આટલું બધું વેઠવું પડે એનું દુઃખ પારાવાર છે.

આમ તો ઉદાર છો, એટલે આ બધું માફ કરી દેજો..! અમારી કે અમારા સાહેબોની જે નાની-મોટી ભુલો થઈ હોય અને થતી હોય એને સ્વીકારી ક્ષમા આપજો એટલે ફરીથી એની એજ ભુલો કરવા માટે લાયક બની જઈએ..!! ખરૂને..?! અહીંયા તો બધું એવું જ છે ભગવાન..! ભુલો કરો - માફ કરો... ભૂલો કરો - માફ કરો...

હે... જગતના નાથ... હે પાવન પુરૂષ બે હાથ જોડીને પ્રાર્થના કરીએ છીએ કે અમારી નાની મોટી અગવડો તો વેઠી લઈશુ પણ પેલા કોરોનાના વધતા કેસોને નાથજે મારા બાપ..!! નથી સહન થતું... ફરી પાછી એ એમ્બ્યુલન્સની ચિચિયારી અને સમાજમાં સતત ડોકાતો ભય નથી સહન થતો. અમારે તો જોઈએ છે આપની કૃપા..! અને માત્ર કૃપા... અમારે તો જોઈએ છે ધોધમાર વરસાદ...અમારે તો ગાવા છે નવરાત્રીમાં ગરબા... અને ફોડવા છે દિવાળીમાં ફટાકડાં..! અમારે આપના આશિર્વાદ જોઈએ છે કે અમારી કોઈ બેન-દિકરીઓ આત્મહત્યાના માર્ગે ન જાય... અમારા કોઈ વડિલોને વૃધ્ધાશ્રમના દરવાજે ના જવું પડે... અને અમારે જોઈએ છે ભેદભાવ વગર હળી-મળીને જીવવાનો જુસ્સો..! બસ આટલું જ..!!

અમારે તો ગાવા છે નવરાત્રીમાં ગરબા... અને ફોડવા છે દિવાળીમાં ફટાકડાં..! અમારે આપના આશિર્વાદ જોઈએ છે કે અમારી કોઈ બેન-દિકરીઓ આત્મહત્યાના માર્ગે ન જાય... અમારા કોઈ વડિલોને વૃધ્ધાશ્રમના દરવાજે ના જવું પડે... અને અમારે જોઈએ છે ભેદભાવ વગર હળી-મળીને જીવવાનો જુસ્સો..!

**આપનો અને માત્ર આપનો જ**

**ગાંધીનગરો**

## શહેરમાં સમી સાંજે આકાશમાં વરસાદી નઝારો નિખર્યો, મેઘરાજાની હાથતાળી

**લઘુત્તમ તાપમાન ૩૬ .૮ ડીગ્રી આકરા તાપમાં રાહત છતા ઉકળાટનુ પ્રમાણ વધુ : લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં માત્ર ૮ થી ૯ ડીગ્રીનો તફાવત**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં રોજબરોજ ગોરંભાયેલા વાદળો વરસ્યા વિના



જ વિખેરાઈ જતાા નગરજનો આકરા બફારાથી ત્રસ્ત છે. આજે પણ દિવસના અંતે આકાશી નઝારો બદલાયો હતો. પલવારમાં જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. સાંજના સમયે વરસાદી વાયરો ફુંકાયો હતો પરંતુ રોજની જેમ આજે પણ મેઘરાજા હાથતાળી આપી જતા વરસાદની આશ ઠગારી નિવડી હતી. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૬.૮ ડીગ્રી રહ્યા હતુ જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ૮ થી ૯ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. વરસાદી વાતાવરણ નિખરતા આકરા તાપની અસર ઘટી છે પરંતુ બફારાથી ત્રસ્ત નગરજનો હવે વરસાદ માટે તરસી રહ્યા છે.

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી વાદળિયા વાતાવરણ વચ્ચે મેઘરાજા મનમુકીને વરસતા નથી. જેના લીધે ગરમીનો મિજજ પણ સતત ચઢ ઉતર થાય છે. વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે પણ નગરજનો આકરો બફારો અનુભવી રહ્યા છે. રોજબરોજ આકાશમાં ગોરંભાતા વાદળો વરસ્યા વિના જ વિદાય લઈ લેતા શહેરીજનોની વરસાદની આશ ઠગારી નિવડે છે. જો કે આજે દિવસની ગરમીના અંતે સાંજે અચાનક જ મોસમનો મિજાજ પલ્ટાયો હતો. સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. કાળા ડીબાંગ વાદળોની હાજરી વચ્ચે વરસાદી વાયરો ફુંકાતા હમણાં જ મેઘરાજા મહેર કરશે તેવો અહેસાસ નગરજનોએ કર્યો હતો પરંતુ રોજની જેમ વરસાદી વાદળો પણ

અનુસંધાન પાના નં. ૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## વિપક્ષની પ્રશ્નો પર ચર્ચાની માંગણી કરાતાં હકાલપટ્ટી બાદ સામાન્ય સભા મિનિટોમાં પૂર્ણ







ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા માત્ર ગણતરીની મિનિટોમાં પૂર્ણ થઈ ગઈ હતી. બેઠકના આરંભે વિપક્ષ દ્વારા ગાંધીનગરના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવે તેમજ ચોમાસાના એક્શન પ્લાનને લઈ ચર્ચા કરવાની માંગ કરવામાં આવી હતી પરંતુ મેયર હિતેશ મકવાણાએ વિપક્ષની માંગને હુકરાવી વિપક્ષી સભ્યોને જ બહાર કાઢવાના આદેશ આપ્યા હતા.

આજે બપોરે ૧૨.૩૦ વાગે મળેલી સામાન્ય સભામાં વિપક્ષના અંકિત બારોટ, ગજેન્દ્રસિંહ તેમજ આપના તુષાર પરીખે ચોમાસાના એક્શન પ્લાન અને ગાંધીનગર શહેરના પ્રશ્નોની ચર્ચા માટે માંગણી કરી હતી.

મેયરે તેમને આ અંગે વારંવાર સૂચના આપી સ્થાન લેવા જણાવ્યુ હતુ પરંતુ વિપક્ષે માંગણી ચાલુ રાખી હતી અને એક તબક્કે આ સભ્યો મેયરની ખુરશી સુધી જવાનો પ્રયાસ કરતાં મેયર મકવાણાએ સાર્જન્ટોને ઊંચકીને બહાર લઈ જવાના આદેશ આપ્યા હતા. સાર્જન્ટોએ આ સભ્યોને દૂર કર્યા બાદ ગણતરીની મિનિટોમાં બધી જ દરખાસ્તો મંજૂર કરી દેવામાં આવી હતી.

સવારે અપાયેલા પૂરક એજન્ડામાં શહેરની હદમાં આવેલી ૧૦૦થી વધુ આંગણવાડી કેન્દ્રોનું સંચાલન મનપા કરશે તે દરખાસ્તને સ્વીકારવામાં આવી હતી.

આંગણવાડીના મહેકમનો ખર્ચ હાલ રાજ્ય સરરકાર ભોગવશે પણ આગળ પર મનપા તેનું સંચાલન અને મહેકમ ખર્ચ પણ ઉઠાવશે. રાજ્ય સરકારે બે દિવસ પહેલા ૧૦ જેટલા સરકારી દવાખાનાઓના સંચાલનની જવાબદારી પણ મનપાને સોંપી છે. આમ હવે ધીમી ગતિએ સરકાર સેવાઓ સોંપવાની કામગીરી પર આગળ વધી રહી છે.

### તાલુકા મહિલા કોંગ્રેસના પ્રમુખનું કોંગ્રેસમાંથી રાજીનામુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના રાજીનામા પછી આજે તાલુકા મહિલા કોંગ્રેસના પ્રમુખ



વનિતાબેન બી. સંગાડાએ હોદ્દા પરથી તેમજ કોંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ આપ્યુ છે.

શ્રીમતિ વનિતાબેન સંગાડાએ સામાજિક કારણોસર રાજીનામુ આપી રહ્યાનું તેમના પત્રમાં જણાવ્યુ છે. બે વર્ષથી પણ વધુ સમયથી તેઓ મહિલા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હતા.

શ્રીમતિ સંગાડા જિલ્લા પંચાયતની ચૂંટણી પણ ચિલોડા(ડ) બેઠક પરથી લડ્યા હતા અને તેમનો ભાજપના ઉમેદવાર સામે પરાજય થયો હતો.

## કોરોના વકર્યો : શહેરમાં નવા ૧૬ અને ગ્રામ્યમાં ૬ કેસ

**રાંદેસણમાં ૨, આઈઆઈટીમાં ૨, સે. ૬માં ૩, સે. ૨૯માં ૨ ઉપરાંત કોબા, કુડાસણ, પેથાપુર, પાલજ, સરગાસણ, રાયસણ અને સે. ૨૫માંથી કેસ મળ્યા : ગાંધીનગર ગ્રામ્યમાંથી એક, કલોલ-માણસામાંથી ૨-૨ તેમજ દહેગામમાંથી એક કેસ મળ્યો**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૬ કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ ૬ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોના હવે વકરી રહ્યો છે. તંત્રએ પણ ટેસ્ટીંગ, ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટની નીતિ પર કામગીરીને અસરકારક રીતે અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે.

શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશન વધી રહ્યુ છે અને તંત્રએ પણ પરિસ્થિતિને ઝડપથી નિયંત્રણમાં લેવા માટે ૩-ટી તેમજ સઘન સર્વેલન્સ અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટેની વ્યુહરચનાને આખરી ઓપ આપી દીધો છે.

જિલ્લામાં મહિલા દર્દી, બાળ દર્દી તેમજ મોટીવયના લોકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કરવાની સૂચનાઓ આપી છે. શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૨.૫૦ ટકાએ પહોંચ્યો હોવાથી તંત્રએ એલર્ટ મોડ પર તેની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૬ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં ૭ મહિલા દર્દી, પાંચ દર્દી ૬૦ થી વધુ વયના નોંધાયા છે. ગાંધીનગર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા આઈઆઈટીમાંથી પણ કેસ મળતાં તંત્ર ચોંક્યુ છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૮ કેસ તેમજ સેક્ટરોમાંથી ૬ કેસ અને આઈઆઈટીમાંથી બે કેસ મળેલ છે. રાંદેસણ ગામેથી બે, કોબા, કુડાસણ, પેથાપુર, પાલજ, સરગાસણ, રાયસણમાંથી કેસો મળ્યા છે. સે. ૨૯ અને સે. ૬માં પરિવારો કોરોનાની ઝપેટમાં આવ્યા છે. સે. ૨૯માં દંપત્તિ અને સે. ૬ માં પરિવારના ૩ સભ્યો કોરોનામાં સપડાયા છે.

મળતી વિગતો પ્રમાણે રાંદેસણમાં ૩૩ વર્ષીય પુરૂષ, ૪૮ વર્ષીય પુરૂષના રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. કોબામાં ૩૨ વર્ષીય પુરૂષ તેમજ કુડાસણમાં ૬૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાં ૪૯ વર્ષીય મહિલા, પાલજમાં ૭૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્ય છે.

સે. ૨૫માંથી ૧૬ વર્ષીય કિશોરીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સે. ૨૯માં દંપત્તિ કોરોનાની ઝપેટમાં આવ્યુ છે. સરગાસણમાં ૩૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણમાં ૧૬ વર્ષીય કિશોરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અનુસંધાન પાના નં. ૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com